# અરજીપત્રક

| આ જગ્યાએ તમારો પાસપોર્ટ સાઇઝનોતાજેતરનો સ્વપ્રમાણિતફોટો ચોંટાડવો |
|---|

**<u>માઉન્ટ એવરેસ્ટ તથા વિશ્વના દુર્ગમ પહાડો સર કરનારને સહાય માટેની અરજી</u>**

પ્રતિ,
કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ,
બ્લોક નં. ૧૧/૩જો માળ, ડો. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર, પીન- ૩૮૨૦૧૦

| | | |
|---|---|---|
| ૧ | સહાય મેળવવા ઇચ્છતા અરજદારનું નામ, સરનામું (પીનકોડ સાથે), ઇમેઇલ એડ્રેસ, ફોન/મોબાઇલ નંબર. | |
| ૨ | જન્મ તારીખ<br>(પ્રમાણપત્રની ખરી નકલ અલગથી બીડવી) | |
| ૩ | પત્ર વ્યવહારનું પુરેપુરું સરનામું | |
| ૪ | હાલનો વ્યવસાય અને તેનું સરનામું | |
| ૫ | પર્વતારોહણની તાલીમ લીધી હોય તેની વિગત (પ્રમાણપત્રો અલગથી બીડવા) | |
| ૬ | ગુનાહિત રેકર્ડ ન ધરાવવા બાબત પોલીસનું પ્રમાણપત્ર (સામેલ રાખવું) | |
| ૭ | ખડક ચઢાણ માટે શારિરિક સક્ષમ હોવાનું તબીબી અધિકારીનું ફિટનેશનું પ્રમાણપત્ર તારીખ અને નંબર.<br>(અલગથી સામેલ રાખવું) | |
| ૮ | કોઇ સંસ્થા દ્વારા જતા હોય તો તેની | |

| | | |
|---|---|---|
| | વિગતો સરનામું, ટેલીફોન નંબર / મોબઇલ નંબર | |
| ૯ | કાર્યક્રમનું આયોજન કરનાર સંસ્થા કે અન્ય આર્થિક સહાયની વિગતો | |
| ૧૦ | અગાઉ આ અંગેની પ્રવૃત્તિ માટે રાજ્ય સરકાર દ્વારા સહાય કરવામાં આવી હોય તો તેની વિગત. | |
| ૧૧ | અગાઉ કરેલ એક્ષ્પીડીશનની માહિતી. | |
| ૧૨ | પોતાના જોખમે જવા અંગેનું બાંહેધરી પત્રક (અલગથી સામેલ રાખવું) | |
| ૧૩ | જે પહાડ સર કરવા જનાર હોય તેની વિગતો.<br>(ઓછામાં ઓછી ૧૦૦ શબ્દોમાં અલગથી સામેલ રાખવી) | |

તારીખઃ-

સ્થળઃ- (અરજદારની સહી)

નામઃ-

# ગુજરાતના યુવાનોને માઉન્ટ એવરેસ્ટ શિખર તથા વિશ્વના દુર્ગમ શિખરો સર કરવા પાત્રતા ધોરણો તથા આર્થિક સહાયના ધોરણો

ગુજરાતના વતની અને સામાન્ય આર્થિક સ્થિતી ધરાવતા એવા સાહસવીરો કે જેઓ માઉન્ટ એવરેસ્ટ તથા વિશ્વના દુર્ગમ પહાડો સર કરવા માટેની ક્ષમતા ધરાવે છે એવા સાહસવીરોને આ યોજના હેઠળ નીચેની વિગતે આર્થિક સહાયની યોજના અંતર્ગત અરજીઓ મંગાવવામાં આવે છે.

**પાત્રતાના ધોરણોઃ**–

- સાહસવીર ગુજરાતનો વતની હોવો જોઇએ.
- સાહસવીરની જે–તે વર્ષની ૩૧મી ડીસેમ્બરે વધુમાં વધુ વય મર્યાદા ૪૫ વર્ષની હોવી જોઇએ.
- Indian Mountaineering Foundation (IMF) માન્ય સંસ્થા માંથી માઉન્ટેનીયરીંગના એડવાન્સ કોર્ષ ઓછામાં ઓછા “B” ગ્રેડ સાથે પૂર્ણ કરેલ હોવા જોઇએ.
- ગુનાહિત રેકર્ડ ધરાવતા ન હોવા જોઇએ. અને તે મતલબનું પોલીસ તપાસ અંગેનું પ્રમાણપત્ર અરજી સાથે જોડવાનું રહેશે.
- દુર્ગમ પહાડો ઉપર ખડક ચઢાણ માટે સાહસવીરે શારીરિક રીતે સક્ષમ હોવા અંગેનું રજીસ્ટર્ડ મેડી. પ્રેકટીશનર્સનું ફીટનેશ પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.
- ઉમેદવારે પોતાના જોખમે આ પ્રવૃત્તિમાં જોડાવા અંગેનો બાંહેધરી પત્ર જોડવાનો રહેશે. તથા વાલીની સંમતિ પણ તે સાથે રજુ કરવાની રહેશે.

**આર્થિક સહાયના ધોરણોઃ**–

- માઉન્ટ એવરેસ્ટ શિખર સર કરનાર પર્વતારોહકોને એકને મહત્તમ રૂ.૧૫.૦૦ લાખની મર્યાદમાં આર્થિક સહાય ચુકવવામાં આવશે જો આ રકમ પુરી ન વપરાય તો એવરેસ્ટ સહીત વિશ્વના અન્ય શિખરો પર પર્વતારોહણ કરનારાઓને નીચે પત્રકમાં દર્શાવેલ નિયમો પ્રમાણે સહાય આપી શકાશે.

| IMF પ્રમાણિત ક્લાઇમ્બીંગ શિખર પર | ઉંચાઇ સર કરનારને (રૂ.) | શિખર સર કરનારને (રૂ.) | વર્જિન પીક સર કરનારને (રૂ.) |
|---|---|---|---|
| ૫૪૦૦ મીટર થી વધુ | -Nil- | ૫૦,૦૦૦/– | ૨,૦૦,૦૦૦/– |
| ૬૦૦૦ મીટર થી વધુ | ૫૦,૦૦૦/– | ૧,૦૦,૦૦૦/– | ૫,૦૦,૦૦૦/– |
| ૭૦૦૦ મીટર થી વધુ | ૧,૦૦,૦૦૦/– | ૨,૦૦,૦૦૦/– | ૧૦,૦૦,૦૦૦/– |
| ૭૫૦૦ મીટર થી વધુ | ૨,૦૦,૦૦૦/– | ૫,૦૦,૦૦૦/– | -Nil- |
| ૮૦૦૦ મીટર થી વધુ | ૫,૦૦,૦૦૦/– | ૧૦,૦૦,૦૦૦/– | -Nil- |

- એશિયા સિવાયના અન્ય ખંડોના IMF પ્રમાણિત હોય તેવા સૌથી ઉંચા શિખર સર કરનારને ઉપર્યુક્ત કોઠામાં દર્શાવેલી સહાય ઉપરાંત વધારાની રૂ.૧,૦૦,૦૦૦/- ની સહાય કરવામાં આવશે.

**(પાછળ)**

- પર્વતની ઉંચાઇ IMF દ્વારા પ્રમાણિત કરેલ ઉંચાઇ માન્ય ગણવામાં આવશે. ક્લાઇમ્બીંગ શિખર તરીકેનુ તથા તેની ઉંચાઇ કે શિખર સર કર્યાનું IMFનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

- IMF દ્વારા પ્રમાણિત કરેલ ક્લાઇમ્બીંગ શિખરોને આ સહાય માટે માન્ય ગણવામાં આવશે. ટ્રેકિંગ શિખરોને આ નિયમો હેઠળ સહાય માટે માન્ય ગણવામાં આવશે નહીં.
- આવકની મર્યાદાનો બાધ રહેશે નહીં.
- વધુ અરજી આવે તો રાજ્ય કક્ષાની પસંદગી સમિતિનો નિર્ણય આખરી રહેશે.
- પ્રોગ્રામ પૂર્ણ કર્યા બાદ પ્રમાણપત્રો, આધાર તથા ચાર્ટડ એકાઉન્ટન્ટ દ્વારા બીલો ઓડીટ કરાવીને ખર્ચના બીલો રજૂ કર્યા બાદ સહાય ચુકવવામાં આવશે.
- આ રકમ કાર્યક્રમ પૂર્ણ થયેથી એક વ્યક્તિને ઉપર સુચવ્યા મુજબ અથવા જે ખરેખર ખર્ચ થયો હશે, તે બે માંથી જે ઓછું હશે તે આપવામાં આવશે.
- આરોહણના સમગ્ર સમય દરમિયાન ગુજરાત સરકારની સહાય ઉપરાંત અન્ય સરકાર/સંસ્થા દ્વારા ફંડ આપવામાં આવેલ હોય તો તેની વિગત સમિતિ સમક્ષ મુકવાની રહેશે.
- અભિયાનમાં જોડાનાર પર્વતારોહકે કાર્યક્રમ પૂર્ણ થયા બાદ કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી સૂચવે ત્યારે ગુજરાતના યુવાનોને પ્રોસાહિત કરવા તથા માર્ગદર્શન પુરુ પાડવાનું રહેશે.
- ઉમેદવારે પોતાના જોખમે જવાનું રહેશે. કોઇ અકસ્માત / જાનહાનિ માટે કચેરીની જવાબદારી નથી.
- સ્થળ પ્રમાણિત થાય તે રીતના ફોટોગ્રાફ્સ તથા સ્થળે પહોંચ્યાનું પ્રમાણિત થઇ શકે તેવું પુરવાર કરતા અન્ય ફોટોગ્રાફ્સ અને મજબુત પુરાવાઓ રજૂ કરવા પડશે. તેમજ આધારકાર્ડ રજુ કરવાનું રહેશે.
- નિયમોના અર્થઘટન અંગે સરકારશ્રીનો નિર્ણય આખરી અને સર્વેને બંધનકર્તા રહેશે.
- અરજી અન્વયે આર્થિક સહાય મંજૂર કરવી કે ના કરવી તેમજ કેટલી રકમ મંજૂર કરવી તેનો નિર્ણય આ યોજના અંગેના ઠરાવ મુજબની સમિતિ દ્વારા કરવામાં આવશે.
- આર્થિક સહાય માટે કાર્યક્રમ શરૂ થતાં પહેલા એક માસ અગાઉ અરજદારે અરજી કરવાની રહેશે અને વિગતવાર કાર્યક્રમ આપવાનો રહેશે. મંજૂરી બાદ જ ભાગ લેવાનો રહેશે.
- ઉપરોક્ત દર્શાવેલ ઉચાઇ સર કર્યા બાદ તેના આધાર પુરાવા રજૂ કર્યા બાદ ઉંચાઇને ધ્યાનમાં લઇને કેટલી સહાય મંજૂર કરવી તેનો નિર્ણય સમિતિ દ્વારા કરવામાં આવશે.

- ઉપરની તમામ વિગતો રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના **તા.૧૬/૦૩/૨૦૧૮ના ઠરાવ ક્રમાંકઃયસપ/૧૦૨૦૧૬/૨૩૯૧/બ.** મુજબ છે, અને અન્ય વિગતો પણ આ ઠરાવ મુજબ રહેશે.
- પર્વતારોહણ પૂર્ણ કર્યાના **વધુમાં વધુ ૪૫ દિવસ**માં આર્થિક સહાય માટેની અરજી કરવાની રહેશે. તે સમય બાદની અરજીઓ ગ્રાહ્ય રખાશે નહીં.